વંચાણમાં લીધુ:- પેરા લીગલ વોલેન્ટીયર્સ સ્કીમ (સુધારેલ) અને પેરા લીગલ વોલેન્ટીયર્સ રીફ્રેસર કોર્ષ ટ્રેનીંગ મોડયુલ

---

જીલ્લા કાનુની સેવા સતા મંડળ
ડીસ્ટ્રીકટ કોર્ટ કોમ્પ્લેક્ષ
સાંદીપની આશ્રમ રોડ
પોરબંદર
તા.૦૧/૦૮/૨૦૨૩

---

આથી તમામ સામાજીક કાર્ય કરનાર સંસ્થા, લો સ્ટુડન્ટસ, સામાજીક કાર્યના નિષ્ણાંત (એમ.એસ.ડબલ્યુ)ના વિદ્યાર્થીઓ, તમામ શીક્ષકો, તમામ નિવૃત કર્મચારીઓ, તમામ એન.જી.ઓ. સાથે સંકળાયેલ લોકો, તમામ ડોકટર્સ, તમામ મહિલા સંગઠનો વિગેરેને જાણ કરવામાં આવે છે કે, જીલ્લા કાનુની સેવા સતા મંડળ, પોરબંદર ખાતે ૫૦ તથા તાલુકા કાનુની સેવા સમીતી, પોરબંદર/રાણાવાવ/કુતિયાણા ખાતે ૨૫-૨૫-૨૫ **<u>પેરા લીગલ વોલેન્ટીયર્સ(P.L.V)</u>** ની **<u>માનદવેતનથી</u>** નિમણુંક કરવાની હોય જેથી જે કોઈ વ્યકિતઓ પેરા લીગલ વોલેન્ટીયર્સ તરીકે સેવા આપવા માંગતા હોય, તેઓ જીલ્લા કાનુની સેવા સતા મંડળ, પોરબંદર. ડિસ્ટ્રીકટ કોર્ટ બીલ્ડીંગ, સાંદીપની આશ્રમ રોડ, પોરબંદર ખાતેથી ફોર્મ મેળવવાનું રહેશે (તથા નીચે જણાવેલ લીંક પરથી પણ ફોર્મ ડાઉનલોડ કરી શકાશે) તથા તા.૦૫/૦૮/૨૦૨૩ શનિવારના સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં (જે હવેથી તા.૩૧/૦૮/૨૦૨૩ કરવામાં આવેલ છે) પોતાની વિગત ભરીને આધારો સાથેનું ફોર્મ (ફીઝીકલી ફરજીયાત) આપી જવા સુચના આપવામાં આવે છે. ત્યારબાદ કોઈના ફોર્મ સ્વીકારવામાં આવશે નહી જે વ્યકતી પેરા લીગલ વોલેન્ટીયર્સ તરીકે સેવા આપવા માંગતા હોય તેમને નિયત ધોરણ મુજબ માનદવેતનની રકમ ચુકવવામાં આવશે તે સિવાય કોઈપણ રકમ કે પગાર ચુકવવામાં આવશે નહિ જેની નોંધ લેશો.

પી.એલ.વી.ના ફોર્મ ડિ.એલ.એસ.એ. પોરબંદરને મળ્યા બાદ ઈન્ટરવ્યુ માટેની જાણ કરવામાં આવશે જે પી.એલ.વી. ઈન્ટરવ્યુમાં પસંદગી પામશે તેમણે જ રીફ્રેશર ટ્રેનીંગ માટે બોલાવવામાં આવશે. આ તમામ પ્રક્રિયાનો નિર્ણય કમીટીનો આખરી નિર્ણય ગણાશે જેની નોંધ લેશો.

**<u>નોંધ:-P.L.V. Concept તથા વિગતો માનદ વેતન વિગેરેની માહીતી ડીસ્ટ્રીકટ કોર્ટ, પોરબંદરની સતાવાર વેબસાઈટ http://porbandar.dcourts.gov.in/ પર જઈ નોટીફીકેશનમાં 'P.L.V Concept' પરથી મળી શકશે. તથા પુછપરછ કે કોઈ કવેરી માટે કચેરી સમય મા ફોન નંબર ૦૨૮૬ ૨૨૨૨૦૨૬ પર ફોન કરી શકાશે.</u>**

**<u>નોંધ:-ઉપરોકત જાહેરાત સંદર્ભે P.L.V. ના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૦૫/૦૮/૨૦૨૩ થી લંબાવીને તા.૩૧/૦૮/૨૦૨૩ કરવાનો નિર્ણય રજુઆતોને ધ્યાને લઈ કચેરી દ્વારા કરવામાં આવેલ છે જેથી લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.</u>**

અગત્યની તારીખો:-

૧.ફોર્મ મેળવવાની તા.૧૬/૦૬/૨૦૨૩ કલાક ૧૧.૦૦ થી

૨.ફોર્મ ભરવાની અંતીમ તા.૩૧/૦૮/૨૦૨૩ કલાક ૧૭.૦૦ સુધી

૩.ઈન્ટરવ્યુ માટે સંભવિત સપ્ટેમ્બર માસ

Scanned with OKEN Scanner